ॐ

॥ ॐ नमः श्रीसद्गुरुपरमात्मने ॥

॥ शयनस्तोत्रम् ॥

॥ वसंततिलका ॥

आस्तीर्य सर्वत इदं परमात्मरूपं,
प्रावार्य सर्वत इदं परमात्मरूपं ।
शेते सुखेन निजलाभविनिर्वृतात्मा,
श्रीदेशिकेन्द्रकरुणालयदृष्टिदृष्टः ॥ १ ॥

ભાવાર્થઃ—કરુણાના આગાર(ઘર)રૂપ તથા ગુરુઓના ગુરુરૂપ શ્રીસદ્‌ગુરુ પરમાત્માનાં નયનકમળવડે જે જોવાયેલો છે, તથા શ્રીપરમાત્માનું સ્વરૂપજ સર્વનું

ऽस्ति किञ्चन ।" આદિ વેદ વચનો સ્વ-રૂપથી અભિન્ન આ કાંઇ નથી, એવો નિષેધ કરીને વિરામે છે, એવા નિશ્ચયવાળો તથા કરુણાના નિવાસરૂપ શ્રીસદ્‌ગુરુનાં કૃપા-કટાક્ષ જેના ઉપર પડેલાં છે એવો સદ્-ભાગી શિષ્ય આ સંસારમાં સુખપૂર્વક શયન કરે છે. ૫

संगाद्भयं परिमृशन् जनताविरुद्धं,
कर्मांचरन्नविनतजङ्गल कोणकेषु ।
शून्यालये कलशकारगृहेऽपि शेते,
श्रीदेशिकेन्द्रकरुणालयदृष्टिदृष्टः ॥ ६ ॥

ભાવાર્થઃ—"निःसंगता मुक्तिपदं यतिनां (સંગરહિતપણું સંન્યાસીઓનું મુક્તિ સ્થળ છે.)" એ શ્રીવાસિષ્ઠવચન પ્રમાણે જે પોતાના મનમાં સંગથીજ ભય ઉપજે છે

સકા સમજી માત્ર પોતાના કોપીનથીજ અધિકતા માને છે; અહો હો ! આવો સંતો પી ને કૃપાલય સદ્ગુરુ શ્રીના દૃષ્ટિપાતને પામેલો મહદ્ભાગી શિષ્ય સુખે સૂવે છે. ૭

आत्मानुसंधिगलिताखिलवासनो यो,
विस्मृत्य विश्वमखिलं सशरीरमेतत् ।
खादन् हसन् भ्रमणमाकलयंश्च शेते,
श्रीदेशिकेन्द्रकरुणालयदृष्टिदृष्टः ॥ ८ ॥

ભાવાર્થ:—વારંવાર સ્વરૂપાનુસંધાનના અભ્યાસથી જેની સઘળી સાંસારિક વાસનાઓ ગળી ગઈ છે, તથા જેણે પોતાના શરીરસહિત સમસ્ત વિશ્વનું વિસ્મરણ કર્યું છે, ને આત્માનુસંધાન નહિ તોડતાં કેવળ બ્રહ્માકાર બુદ્ધિપૂર્વક પ્રારબ્ધના વેગથી દેહના વ્યવહાર કરનાર યોગી ખાય છે, હસે

चिन्मुद्रयाल्पकरसूचितचित्तवृत्तिः,
स्थित्या स्वया प्रकटयन्नधिकारिवर्गे ।
ब्राह्मीं स्थितिं बहुलपुण्यचयेन शेते,
श्रीदेशिकेन्द्रकरुणालयदृष्टिदृष्टः ॥ १० ॥

ભાવાર્થઃ—જેમણે ચિન્મુદ્રાથી (ભદ્રા મુદ્રાના વિચારથી) પોતાની ચિત્તવૃત્તિ અત્યંત સૂક્ષ્મ કરેલી છે, ને જે ઘણા પુણ્યના સંચયવડે પ્રાપ્ત થયેલી બ્રહ્મરૂપ સ્થિતિને અધિકારી વર્ગમાં પ્રકટ કરે છે, તે કૃપાલય સદ્ગુરુશ્રીના દૃષ્ટિપથને પ્રાપ્ત થયેલો સુજ્ઞ આ સંસારમાં સુખે શયન કરે છે. ૧૦

द्रोणाचलेस्वकृतपुण्यमयेन केन,
भाग्योदयेन गुरुणा निजबोधदाने ।
संदत्तचिन्मयसुखावचनीयनिद्रः,
कृष्णो मुनिः स्वपिति देशिकदृष्टिदृष्टः ॥ ११ ॥

નીચેનાં બે પુસ્તકો તૈય

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુ પ્રણીત નીચેનાં બે પુસ્તકો તૈયાર થાય તેમણે વિ.પિ.થી વા રોકડી મંગાવી લેવાં.

શ્રીભગવદ્‌ગીતાદિ પંચરત્નો.

મૂલ્ય. ૦—૮—૦ ૦—૭—૦ ૦—૬—૦

શ્રીરાસપંચાધ્યાયી.

મૂલ્ય. ૦—૭—૦

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

મંત્રી, શ્રીસનાતનધર્મ પુસ્તક પ્રસારક મંડળ.

રાયપુર—અમદાવાદ.